ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

રાજકીય ગરમાવો | સોજીત્રા ધારાસભ્ય ભલામણ સામે ગ્રામ પંચાયતના સભ્યોએ મક્કમ રહી દરખાસ્ત ઠુકરાવી

પંડોળી - કાસોર પંચાયતે પાલિકા બનવાની ના ભણી!

વસ્તીના આંકડાની 'માયાજાળ' વચ્ચે સભ્યોએ વિકાસના નામે પાલિકાનો દરજ્જો નકાર્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૯

સોજીત્રા વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ પંડોળી અને કાસોર ગામોને નગર પાલિકા બનાવવા સરકારમાંથી દરખાસ્ત આવી હતી. પરંતુ આ બંન્ને ગ્રામ પંચાયતોના સભ્યોએ પાલિકા બનાવવા અસમંતિ દર્શાવી હતી. જેનો ઠરાવ કરી આ દરખાસ્તને આડકતરી રીતે ઠુકરાવી પંચાયતી રાજ ચાલુ રાખવાનો નિર્ણય તમામ સભ્યોએ લીધો હતો. આ બંન્ને ગામોને પંચાયતમાંથી પાલિકા બનાવવાની સોજીત્રા ધારાસભ્યએ કરેલી ભલામણ એળે જતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

પ્રાપ્ત માહિતી મુજબ સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલ પટેલે ૧૦મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણના રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાને ભલામણ પત્ર મોકલ્યો હતો. જેમાં ઉલ્લેખ હતો કે સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના પંડોળી અને કાસોર ગામો ખૂબ મોટા પરા વિસ્તારો ધરાવે છે. આ ગામોની વસ્તી ૨૫ ટકા વધારા સાથે ૨૫ હજારથી વધુ છે. આ ઉપરાંત પંડોળી અને કાસોર ગામના લોકોની જન સુખાકારી વધુ સારી રીતે મળે તે માટે નગર પાલિકાનો દરજ્જો આપવો જોઈએ.

આ ભલામણ પત્રના અનુસંધાનમાં શહેરી વિકાસ મંત્રીએ નિયમાનુસાર કાર્યવાહી કરવા અગ્ર સચિવને ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પત્ર દ્વારા જણાવ્યું હતું. જેથી આ વિભાગ દ્વારા ૨૨મી મે ૨૦૨૬ના રોજ મ્યુનિસીપાલિટી કમિશ્નર ગાંધીનગરને જાણ કરી હતી. જેઓએ વડોદરા ઝોનના પ્રાદેશિક કમિશ્નરને કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો. આણંદ કલેક્ટરને સાધનિક દરખાસ્ત નિયત ચેક લીસ્ટ સાથે મ્યુનિસીપાલિટી કમિશ્નર ગાંધીનગરને મોકલી આપવા જણાવ્યું હતું.

આ સમગ્ર પ્રકરણ બાબતે કલેક્ટરે પેટલાદ તાલુકા વિકાસ અધિકારીને કાર્યવાહી કરવા ૩૦મી જૂનના રોજ જણાવ્યું હતું. જેથી પંડોળી અને કાસોર ગ્રામ પંચાયતોએ તાલુકા વિકાસ અધિકારીના આદેશ મુજબ સામાન્ય સભા બોલાવી હતી. જેમાં પંડોળી ગ્રામ પંચાયતના કુલ ૧૭ પૈકી ૧૫ સભ્યો હાજર હતા. જ્યારે બે સભ્યો ગેરહાજર હતા. આ સભામાં ઉપસ્થિત પૈકી માત્ર ત્રણ સભ્યોએ નગર પાલિકા બને તેમાં સંમતિ દર્શાવી હતી. પરંતુ ૧૨ સભ્યોએ અસંમતિ બતાવતા બહુમતી નહીં હોવાથી દરખાસ્ત નામંજુર થઈ હતી.

ગ્રામજનોનો પણ મિશ્ર પ્રતિસાદ

કાસોર ગ્રામ પંચાયતમાં તો ૧૬ પૈકી ઉપસ્થિત તમામ ૧૫ સભ્યોએ પાલિકાના દરજ્જા માટે અસંમતિ બતાવી હતી. પરંતુ પંડોળી ગ્રામ પંચાયતના હાજર ૧૫ સભ્યો પૈકી ત્રણ સભ્યોએ પાલિકા બનાવવા સંમતિ બતાવી હતી. જ્યારે ૧૨ સભ્યોએ પંચાયતી રાજ યથાવત્ રાખવામાં સંમતિ અને પાલિકાના દરજ્જા માટે અસંમતિ બતાવી હતી. જેથી પંડોળીમાં આ અંગે મિશ્ર પ્રતિસાદ મળતા રાજકારણ ગરમાયું છે.

કાસોર ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં ૧૬ પૈકી ૧૫ સભ્યો હાજર હતા. પરંતુ આ તમામ સભ્યોએ પાલિકાનો દરજ્જો મેળવવાની દરખાસ્ત બાબતે અસહમતી બતાવતો ઠરાવ સર્વાનુમતે મંજુર કર્યો હતો. આમ આ બંન્ને ગામોને ગ્રામ પંચાયતમાંથી નગર પાલિકા બનાવવાની ધારાસભ્ય વિપુલ પટેલની ભલામણનો છેદ ઉડી ગયો હતો. જેને લઈને બંન્ને ગામો સહિત સોજીત્રા વિધાનસભા મત વિસ્તારના રાજકારણમાં ગરમાવો આવી ગયો હોવાનું જાણવા મળે છે.

વસ્તીના આંકડાની માયાજાળ

પંડોળી ગામની વસ્તી ૨૫ ટકા વધારા સાથે ૨૭ હજાર હોવાનું ધારાસભ્યએ ભલામણ પત્રમાં દર્શાવ્યું છે. આ ઉપરાંત પંડોળીમાં ૧૧ પરા વિસ્તારનો પણ સમાવેશ થાય છે. જ્યારે કાસોરમાં નાના મોટા ૨૯ પરા વિસ્તાર સાથે ૨૬ હજાર વસ્તી હોવાનું જણાવેલું છે. આ વસ્તીના આંકડા સામે વર્ષ ૨૦૧૧ના સેન્સેસ મુજબ પંડોળીની લગભગ ૧૫ હજાર અને કાસોરની આશરે ૧૩ હજાર વસ્તી હતી. તો શું છેલ્લા ૧૫ વર્ષમાં વસ્તી લગભગ ડબલ હોઈ શકે ? તે પ્રશ્નાર્થ સર્જાયો છે.

સતત બે વખત ૩ વિરૂદ્ધ ૧૨ મત પડ્યાં

પંડોળી ગ્રામ પંચાયતને નગર પાલિકાનો દરજ્જો આપવા વર્ષ ૨૦૨૫ અને ચાલુ વર્ષે ૨૦૨૬ એમ બે વખત દરખાસ્ત મોકલવા જણાવ્યું હતું. પરંતુ આ બંન્ને વર્ષોમાં ગ્રામ પંચાયતના સભ્યો અસહમતી બતાવી રહ્યા છે. અહીયાં ગ્રામ પંચાયતના કુલ ૧૭ સભ્યો છે. પરંતુ સૌથી રસપ્રદ બાબત એ છે કે આ કામ માટે મળેલી બંન્ને સભામાં મતદાન થતાં ૩ વિરૂધ્ધ ૧૨ સભ્યોની બહુમતીથી દરખાસ્ત ઠુકરાવવામાં આવી છે. એટલે કે ગામડાઓમાં હજી પણ પંચાયતી રાજને જ સમર્થન મળી રહ્યું હોવાનું સ્પષ્ટ જોવા મળે છે.

બોરસદમાં વાહનની ટક્કરે એક્ટિવાસવાર યુવકનું મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૯

બોરસદ તાલુકાના દાવોલથી બોદાલ તરફ જતા સર્વિસ રોડ પર ગત સાંજે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહનચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા આંકલાવના ૩૫ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આંકલાવની એસ.ડી. પટેલ કોલેજ કેમ્પસમાં રહેતા સુનિલભાઈ કાળીદાસ પરમાર (ઉં.વ. ૩૫) બોરસદ ખાતે રહેતા તેમના મામાના ઘરે દશામાતાના વ્રતની ઉજવણીમાં ગયા હતા. રવિવારે સાંજે આશરે સાડા છ વાગ્યાની આસપાસ તેઓ પોતાના એક્ટિવા (નંબર GJ 23 EH 3429) પર સવાર થઈ પરત આંકલાવ જવા નીકળ્યા હતા. જ્યારે તેઓ સાંજે સાડા સાત વાગ્યાના સુમારે દાવોલથી બોદાલ જતા સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવી સુનિલભાઈના એક્ટિવા સાથે અકસ્માત સર્જ્યો હતો.

આ ટક્કર એટલી ભીષણ હતી કે સુનિલભાઈને મોઢાના ભાગે તથા પગની જાંઘના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મૃતકના નાના ભાઈ જયેશકુમાર કાળીદાસ પરમારની ફરિયાદના આધારે બોરસદ સિટી પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસે ફરાર થઈ ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરી છે.

નડિયાદ શહેરમાં ૯૦ વર્ષ જૂની કરોડોની મિલકત સરકાર હસ્તક લેવામાં આવી

નડિયાદમાં શરતભંગ બદલ સીટી જીમખાના સીલ કરવામાં આવ્યું

બે મહિના સુધી કલેક્ટરના આદેશની અવગણના કર્યા બાદ તંત્ર આખરે જાગ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

નડિયાદના વણઝારા ગ્રાઉન્ડ પાસે આવેલી ઐતિહાસિક સીટી જીમખાના ક્લબને શરતભંગના કારણોસર સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ કચેરી દ્વારા સીલ કરી દેવામાં આવી છે. કલેક્ટર દ્વારા માર્ચ મહિનામાં આદેશ અપાયા હોવા છતાં, બે મહિનાના લાંબા વિલંબ બાદ આખરે તંત્રએ સપાટો બોલાવી કરોડોની કિંમતની 23,876.06 ચોરસ મીટર જમીન બાંધકામ સહિત સરકાર હસ્તક લેતા ચકચાર મચી ગઈ છે.

આ ક્લબમાં ઈન્ડોર ગેમ્સ અને સોશિયલ એક્ટિવિટીઝ માટે વયસ્કો એકઠા થતા હતા. 16મી જૂન 2026ના રોજ મિલકત સીલ કરવાની નોટિસ અપાઈ હતી, પરંતુ બે મહિના સુધી કોઈ નક્કર કાર્યવાહી ન થતા તંત્રની નીતિ સામે સવાલો ઉઠ્યા હતા. ભારે દબાણ બાદ આજે અધિકારીઓના કાફલાએ સ્થળ પર પહોંચી, ક્લબમાં હાજર લોકોને બહાર કાઢી તમામ પ્રવેશદ્વારોને સીલ મારી દીધા હતા.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી

સીટી જીમખાનાને ખાલી કરાવવા અને સીલ મારવાની પ્રક્રિયા દરમિયાન કોઈ ઘર્ષણ ન થાય તે માટે નડિયાદ ટાઉન પોલીસના સહયોગથી ડભાણ પોલીસ ચોકીના કર્મચારીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસની હાજરીને કારણે સમગ્ર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ શકી હતી.

કલેક્ટરના હુકમનો હવાલો અને ચેતવણી

સીલ મારેલા મુખ્ય દરવાજા પર પ્રસિદ્ધ કરાયેલી નોટિસમાં કલેક્ટરના હુકમ (નં. 232 થી 235, તા. 09-03-2026) નો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ મિલકત હવે સત્તાવાર રીતે સરકાર હસ્તક હોવાથી, તેમાં કોઈપણ અનાધિકૃત પ્રવેશ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની કડક ચેતવણી તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સ માટે પોલીસ નોંધણી જરૂરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને અસામાજિક પ્રવૃત્તિઓ રોકવાના હેતુથી વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે એક જાહેરનામું બહાર પાડીને જિલ્લામાં કાર્યરત તમામ ખાનગી સિક્યુરિટી એજન્સીઓ માટે તેમના સુરક્ષાકર્મીઓનું પોલીસ વેરિફિકેશન કરાવવું ફરજિયાત બનાવ્યું છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે જારી કરાયેલો આ આદેશ આગામી ૬૦ દિવસ સુધી સમગ્ર જિલ્લામાં અમલી રહેશે.

આણંદ જિલ્લામાં આવેલા ઔદ્યોગિક એકમો, કેમિકલ કંપનીઓ, જી.આઈ.ડી.સી. વિસ્તારો, શોપિંગ મોલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં ખાનગી સુરક્ષાકર્મીઓ તૈનાત હોય છે. ઘણીવાર એજન્સીઓ પૂરતી તપાસ વગર કર્મચારીઓની ભરતી કરતી હોવાથી સુરક્ષાનું જોખમ ઊભું થાય છે, જેને ધ્યાને રાખીને આ પગલું લેવાયું છે.

નવા નિયમ મુજબ, દરેક ખાનગી સુરક્ષા એજન્સીએ તેમના સિક્યુરિટી ગાર્ડ, ગનમેન અને સુપરવાઈઝરનો સંપૂર્ણ બાયોડેટા, ફોટા અને આધાર કાર્ડની નકલ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન તથા આણંદ પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખાને ફરજિયાત જાણ કરવાની રહેશે. કોઈપણ કર્મચારીને ફરજ પર રાખતા પહેલા પોલીસ વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે 47 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

આણંદમાં નશાકારક દવાઓ અને ગર્ભપાત કિટ સાથે બે ઝડપાયા

અમદાવાદના શખ્સે દવાઓ પૂરી પાડી હોવાની કબૂલાત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમે નેશનલ હાઈવે નંબર 48 પર રાવડાપુરા ઓવરબ્રિજ નજીક સફળ ઓપરેશન પાર પાડી નશાકારક દવાઓ અને ગર્ભપાત કિટના ગેરકાયદે વેચાણનું નેટવર્ક ઝડપી પાડ્યું છે. બાતમીના આધારે કરવામાં આવેલી આ રેડમાં પોલીસે વડોદરા અને અમદાવાદના બે શખ્સોને રંગેહાથ પકડી પાડી કુલ 47,354નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, અમદાવાદથી વડોદરા તરફ જતા રોડ પર ફાઉન્ટેન હોટલ સામે માઈનોર કેનાલ પાસે બે શખ્સો બાઈક પર નશાકારક દવાઓ વેચવા માટે ઊભા છે. આ માહિતીના આધારે પોલીસે પંચોની હાજરીમાં રેડ કરી વડોદરાના દર્શન અશોકકુમાર ગોકલાણી અને અમદાવાદના દિલીપ મફાજી ઠાકોરને અટકાયતમાં લીધા હતા.

આ અંગે પોલીસની પૂછપરછમાં દિલીપ ઠાકોરે કબૂલાત કરી હતી કે આ દવાઓનો જથ્થો તેણે અમદાવાદના વિશાલ ઠક્કર પાસેથી મેળવ્યો હતો. વિશાલ ઠક્કરે અમદાવાદના ઈસનપુર સ્થિત એક મેડિકલ સ્ટોર બહાર આ જથ્થો પહોંચાડ્યો હતો, જ્યાંથી મેળવીને તેઓ આણંદમાં વેચાણ કરવા આવ્યા હતા. આણંદ રૂરલ પોલીસે બંને આરોપીઓ અને સપ્લાયર વિશાલ ઠક્કર સહિત ત્રણેય સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બાલાસિનોરમાં મહિલાના ૨૫ હજારની ઉઠાંતરી થઈ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૯

બાલાસિનોર ટાઉનમાં બેંક ઓફ બરોડાની સામે આવેલા જન સેવા કેન્દ્ર બહારથી એક વૃદ્ધ મહિલાના પ્લાસ્ટિકના બાસ્કેટમાંથી 25 હજારની રોકડ રકમ ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બાલાસિનોરના ઈચ્છુટોલા મહોલ્લામાં રહેતા 59 વર્ષીય શાયરાબાનુ ઉસ્માનગની કુરેશી પોતાના નવા મકાનના ફર્નિચરનું કામ કરાવવા માટે નાણાંની જરૂર હોવાથી પુત્રી સાથે બેંક ઓફ બરોડા ગયા હતા. ત્યાં તેમણે પોતાના જનધન ખાતામાંથી 25 હજારની રકમ ઉપાડી હતી અને સુરક્ષિત રીતે પ્લાસ્ટિકના બાસ્કેટમાં મૂકી હતી. ત્યારબાદ, વધુ 10 હજારઉપાડવાની જરૂરિયાત જણાતા તેઓ બેંકની સામે જ આવેલા જન સેવા કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. જન સેવા કેન્દ્રમાં નાણાં ઉપાડવાની પ્રોસેસ પતાવીને જ્યારે તેઓ બાસ્કેટમાં ફરી નાણાં મૂકવા ગયા, ત્યારે તેમને અગાઉ ઉપાડેલા 25,000 ગાયબ જણાયા હતા.

આથી, ચોરીની શંકા જતાં પરિવારે તુરંત જન સેવા કેન્દ્રના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. જેમાં સ્પષ્ટપણે જોવા મળ્યું હતું કે એક અજાણી મહિલાએ શાયરાબાનુની નજર ચૂકવીને તેમના બાસ્કેટમાંથી અત્યંત ચાલાકીથી રોકડ રકમ સેરવી લીધી હતી. આ ઘટનાના આધારે બાલાસિનોર પોલીસે અજાણી મહિલા સામે ગુનો નોંધીને વધુ તપાસ અને તેની શોધખોળ શરૂ કરી છે.

ઠાસરામાં ખાખીની આબરૂના ધજાગરા: જનતાએ વિદેશી દારૂ પકડી પાડ્યો

ઠાસરાના આજરોલી ગામમાં જાગૃત ગ્રામજનોની 'જનતા રેડ'

પોલીસને ન દેખાયો તે 175 બોટલ વિદેશી દારૂ પકડી કાર્યવાહી માટે સોંપ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૯

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળતી સ્થિતિ અને પોલીસ તંત્રની નિષ્ક્રિયતા સામે હવે ખુદ જનતાએ મેદાને ઉતરવાની ફરજ પડી છે. ઠાસરા તાલુકાના આજરોલી ગામમાં પોલીસે જ્યાં તપાસ કરીને કશું ન મળ્યાનો દાવો કર્યો હતો, ત્યાં જ બીજા દિવસે જાગૃત નાગરિકોએ દારૂનો મોટો જથ્થો પકડી પાડી પોલીસની પોલ ખોલી નાખી છે.

આજરોલી ગામમાં છેલ્લા 2 વર્ષથી દારૂનો વેપાર બેફામ બન્યો હતો અને વારંવારની રજૂઆતો છતાં ઠાસરા પોલીસ માત્ર દેખાડા ખાતર તપાસ કરી ખાલી હાથે પરત ફરતી હતી. પોલીસની આ ઢીલી નીતિ અને બૂટલેગરો સાથેની કથિત મિલીભગતથી કંટાળીને ગામના 25 જેટલા યુવાનોએ જાતે મોરચો સંભાળ્યો હતો. ગ્રામજનોએ દારૂના અડ્ડાઓ પર અચાનક ત્રાટકીને વિદેશી દારૂની 175 બોટલો શોધી કાઢી હતી.

આ અંગે સ્થાનિક રહીશ રાવજીભાઈ પરમારે જણાવ્યું હતું કે, પોલીસની ઢીલી નીતિને કારણે જ અમારે કાયદો હાથમાં લેવો પડ્યો છે. આ ઘટના બાદ હવે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જલોયામાં પણ જનતા રેડને બાતમી ખપાવી

કપડવંજ તાલુકાના જલોયા ગામમાં પણ આતરસુંબા પોલીસની નિષ્ક્રિયતાથી કંટાળી લોકોએ દારૂ વેચતા શખ્સને જાતે પકડી પાડ્યો હતો. જોકે, પોતાની આબરૂ બચાવવા આતરસુંબા પોલીસે આ જનતા રેડને પોતાની બાતમી ગણાવીને ગુનો નોંધ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ જનતા રેડના પગલે ખેડા જિલ્લામાં ભ્રષ્ટ પોલીસકર્મીઓની રહેમનજર હેઠળ દારૂનું નેટવર્ક અને જુગારની પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલતી હોવાની વ્યાપક ચર્ચાઓ જાગી છે.

દેશની સરહદો પર ડેરી સહકારી ક્ષેત્રે ખેડૂત અને જવાનની અતૂટ મૈત્રી

વાર્ષિક 1,627 કરોડના દૂધ પુરવઠા સાથે જવાનોની શક્તિ અને પશુપાલકોની સમૃદ્ધિનો સંગમ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૯

નેશનલ કો-ઓપરેટિવ ડેરી ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનસીડીએફઆઈ) દ્વારા આણંદ સ્થિત એનડીડીબી ખાતે 'ફ્રોમ ફાર્મર્સ ટુ ફ્રન્ટલાઈન્સ' થીમ હેઠળ એક વિશેષ કો-ઑપરેટિવ કૉન્ક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડેરી સહકારી ક્ષેત્ર અને સંરક્ષણ ક્ષેત્ર વચ્ચેના 40 વર્ષના મજબૂત સંબંધોની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને અંતરિયાળ અને સરહદી વિસ્તારોમાં તૈનાત જવાનોને ગુણવત્તાસભર દૂધ પહોંચાડવામાં સહકારી મંડળીઓના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવમાં એક મહત્વનો પાસા પર પ્રકાશ પાડવામાં આવ્યો કે ડેરી સહકારી સંસ્થાઓ માત્ર દૂધ જ નથી પહોંચાડતી, પરંતુ તે સરહદી સુરક્ષામાં પણ પરોક્ષ રીતે મદદરૂપ થાય છે.

આ પ્રસંગે લેફ્ટનન્ટ જનરલ મુકેશ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે, સરહદી વિસ્તારોમાં ડેરી સહકારી સંસ્થાઓની મજબૂત હાજરીથી સ્થાનિક રોજગારી અને આજીવિકાની તકો ઊભી થાય છે, જે સરહદ પરથી થતું લોકોનું સ્થળાંતર અટકાવવામાં અને પલાયન કરી ગયેલા લોકોને પરત લાવવામાં મદદરૂપ નીવડે છે. આમ, પશુપાલકો દ્વારા પૂરો પાડવામાં આવતો દૂધનો પુરવઠો દેશની આર્થિક અને ભૌગોલિક સુરક્ષાને મજબૂત બનાવે છે.

આ પ્રસંગે એનડીડીબીના ચેરમેન ડો. મીનેશ શાહે આ તકે જણાવ્યું હતું કે, આ સહભાગીદારીથી પશુપાલકોને ખાતરીપૂર્વકનું માર્કેટ મળ્યું છે અને જવાનોને શુદ્ધ આહાર. સપ્લાય કરવામાં આવતું પ્રત્યેક લિટર દૂધ દેશના પશુપાલકો અને જવાનોને એકબીજાની વધુ નજીક લાવે છે. આ કોન્ક્લેવના અંતે ડિજિટલ સંકલન અને લોજિસ્ટિક્સને વધુ સુદૃઢ બનાવવાની કટિબદ્ધતા દર્શાવવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225